અપીલ અરજી નં.૩૬/૦૮–૦૯ તા. ૯–૫–૦૮

અરજદારઃ શ્રી દિપક આર પટેલ
સામાવાળાઃશાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી

## હુકમઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક આર પટેલ ની તા.ર–૪–૦૮ ની અરજીથી ન. પ્રા.શિક્ષણ સમિતિની પ્રા.શાળાઓમાં નિયુકત કરવામાં આવેલા CRC કો.ઓર્ડિનેટરોને સ્ટેટ પ્રોજકટ ડાયરેકટર ગાંધીનગર ના તા ૧ર/૮/ર૦૦૫ ના પત્ર નં.ડીપીઈપી.એસ એસ એ/ટીટી/ર૦૦૫/૧૭૮૫૮–૬૦ મુખ્ય સ્વતંત્ર હવાલો કઈ તારીખથી સોંપવામા આવ્યો તેની CRC કો ઓર્ડિનેટર ના નામ જવાબદારીના સ્થળનું નામ સરનામું ,કેન્દ્ર નંબર સાથેની મુદ્દા નં.૩ એ થી જે ની માહિતી બાબત.

સંદર્ભેઃ–અરજદાર મજકુરની તા.૯–૫–૦૮ ની અપીલ અરજી નં.૩૬/૦૮–૦૯

શ્રી દિપક આર પટેલ ની તા.ર–૪–૦૮ ની અરજીથી ન. પ્રા.શિક્ષણ સમિતિની પ્રા.શાળાઓમાં નિયુકત કરવામાં આવેલા સી.આર.સી કો.ઓર્ડિનેટરોને સ્ટેટ પ્રોજકટ ડાયરેકટર ગાંધીનગર ના તા ૧ર/૮/ર૦૦૫ ના પત્ર નં.ડીપીઈપી.એસ એસ એ/ટીટી/ર૦૦૫/૧૭૮૫૮–૬૦ મુખ્ય સ્વતંત્ર હવાલો કઈ તારીખથી સોંપવામા આવ્યો તેની CRC કો ઓર્ડિનેટર ના નામ જવાબદારીનું સ્થળનું નામ સરનામું ,કેન્દ્ર નંબર સાથેની મુદ્દા નં.૩ એ થી જે ની માહિતી બાબતે કોઈ પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ માહિતી આયોગ ગુજરાતને તા.૯–૫–૦૮ ના રોજ સીધી અપીલ કરવામાં આવેલ તથા તેની નકલ અત્રે આપવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, માહિતીના વિલંબ તથા અનુમાનિત ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૫ તા.૧૬–૫–૦૮ ના રોજ શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ માહિતી પૂરાવા કે વિગતો મળેલ નથી કે માહિતીના નકાર સંબધમાં કાયદાની કલમ–૮ પૈકીના અપવાદની વિગતો અરજદારને સૂચિત કરી નકલ અત્રે મોકલવામાં આવેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.ર–૪–૦૮ ની અરજીથી મુદ્દા નં.૩ ના એ થી જે સુધીની માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની ની કલમ–૮ હેઠળ ઈન્કાર કરી અરજદારને સમયમર્યાદામાં અપીલ અધિકારીની વિગત સહ સૂચિત કરવામાં આવેલ નથી. અરજદારે માંગેલ માહિતી પૈકી કેટલીક માહિતી આરટીઆઈ એકટની કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા જોગ આદેશાત્મક માહિતીમાં પણ સમાવિષ્ટ થતી જણાય છે. જયારે બાકીની યોજનાના અમલીકરણને સ્પર્શતી માહિતી હોઈ અરજદારને માંગવામાં આવેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ વિનામૂલ્યે કાયદા અને નિયમોની અને જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શાસનાધિકારી (ન.પ્રા.શિ.સમિતિ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલમાટે
(ર)શ્રી દિપક આર પટેલ,
(૩) સચિવશ્રી ગુજરાત માહિતી આયોગ પ્રથમમાળ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી,સેકટર ન–૧૮,ગાંધીનગર પ્રતિ,નામદાર આયોગને કરવામાં આવેલ સીધી અપીલના અનુસંધાને જાણ અર્થે સાદર.